સુરત મહાનગરપાલિકા

નગર રચના યોજના સુરત નં. ૨૩ (રાંદેર)નો મુસદ્દો પ્રસિધ્ધ કરવા બાબત.

### અધિસૂચના

આથી જાહેર કરવામાં આવે છે કે ઉપરોક્ત (મુસદ્દારૂપ યોજના) યોજનાનો મુસદ્દો ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ની કલમ ૪૨(૧) અને અધિનિયમના નિયમો—૧૯૭૯ના નિયમ-૧૮ અન્વયે તૈયાર કરવામાં આવ્યો છે અને પ્રસિધ્ધ કરવામાં આવ્યો છે. આ યોજનાની મુખ્ય હદો નીચે પ્રમાણે છે.

ઉત્તરે : મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૧૪ (રાંદેર-અડાજણ)ની હદ.

દક્ષિણે : નગર રચના યોજના સુરત નં. ૧૧ (અડાજણ)ની હદ.

પૂર્વે : તાપી નદી.

પશ્ચિમે : મુસદ્દારૂપ નગર રચના યોજના સુરત નં. ૧૪ (રાંદેર-અડાજણ) ની હદ.

ઉપર જણાવેલ યોજનાના મુસદ્દાની એક નકલ જમીન માલીકો તેમજ હિત સંબંધ ધરાવનાર વ્યક્તિઓ તથા જાહેર જનતાને જોવા માટે સુરત મહાનગરપાલીકાના ટાઉન પ્લાનીંગ ખાતામાં ટાઉન પ્લાનરશ્રીની કચેરીમાં રજાના દિવસો સિવાય ઓફીસ સમય દરમ્યાન ખુલ્લી રાખવામાં આવેલ છે.

સરકારી રાજ્યપત્રમાં ઉપરોક્ત અધિસૂચનની પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનાની અંદર આ યોજનાથી અસર પામતા કોઈપણ શખ્સ આ યોજનાના સંબંધમાં વાંધા/સુચનો બે નકલમાં લેખિત રીતે કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાને સુપ્રત કરશે તો કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકા આવા વાંધાઓ યોગ્ય જણાશે ધ્યાનમાં લેશે.

(સહી) અવાચ્ય,
કમિશનર,
સુરત મહાનગરપાલીકા.

સુરત, ટીપીઓ/૨૬૦૦
તા. ૧૭/૮/૯૩

---

### અધિસૂચના

ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ મુસદ્દારૂપ નગર યોજના વડોદરા નં. ૨૦ અટલાદરા.

આથી તમામ હિત ધરાવતી અને સંબંધિત વ્યક્તિઓને હું નીચે સહી કરનાર હંસલ પ્રબોધચંદ્ર શુક્લ જાણ કરું છું કે ગુજરાત સરકારશ્રીના તા. ૫ માહે જુલાઈ સને ૧૯૯૩ ના એક્સ્ટ્રા ઓર્ડિનરી ગેઝેટના પાર્ટ-૧ એ ના પાન નં. ૪૮-૪ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવેલા શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૩ માહે જુલાઈ સને ૧૯૯૩ના નોટીફીકેશન નં. જીએચવી/૧૯૯૩ નો ૧૨૬/ટીપીવી./૧૦૯૩ ૧૬૫૧/૨, મુજબ ઉપર મુજબની યોજના માટે સરકારશ્રીએ ટાઉન પ્લાનીંગ ઓફિસર તરીકે મારી નિમણુંક કરી છે. ગુજરાત નગર આયોજન અને શહેરી વિકાસ નિયમો ૧૯૭૯ના નિયમો પૈકી નિયમ નં. ૨૬ માં પેટા નિયમ (૧) અન્વયે મે તા. ૧૨ માહે ઓગષ્ટ સને ૧૯૯૩ ને ગુરૂવારના રોજ ઉપરોક્ત યોજના માટે ટાઉન પ્લાનીંગ ઓફીસર તરીકેની મારી ફરજો સંભાળી લીધી છે. ઉપરોક્ત યોજનાની, ચતુઃસીમા નીચે મુજબ છે.

(૧) ઉત્તર હદે : મોજે અકોટાના સ. નં. ૧૨૧, ૧૨૨, ૧૧૩ પૈકી તથા મોજે તાંદલજાના સ.નં. ૫૬, ૫૫, ૧૨૦, ૧૧૮, ૧૦૭, ૧૦૬, ૧૦૫, ૧૦૪, ૯૯, ૯૮.

(૨) દક્ષિણ હદે : વડોદરાથી પાદરા જતી નેરો ગેજ રેલ્વે લાઈન.

(૩) પૂર્વ હદે : વડોદરાથી પાદરા જતા સ્ટેટ હાઈવેમાંથી સ.નં. ૪૩૭, ૪૩૯ પાસેથી ફંટાતા તથા ઉત્તર તરફ ગુજરાત ઈલેક્ટ્રીક સીટી બોર્ડની તરફ જતો ૧૩૨ ૨ ફુટ પહોળો રસ્તો

(૪) પશ્ચિમ હદે : મોજે અટલાદરાના સર્વે નં. ૨૭૬, ૨૮૬/૧-૨, ૨૮૭, ૨૮૮, ૨૮૯, ૩૦૦, ૨૯૯, ૩૭૯, પૈકી, ૩૮૦, ૩૮૮, ૩૯૫, ૩૯૬, ૩૯૭, ૩૯૮, ૩૯૯, ૪૦૧ની પશ્ચિમે આવેલ હયાત નાળીયા રસ્તો.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ હેઠળ ઘડેલા નિયમોના ૨૬(૩) અન્વયે હું આથી તમામ હિત ધરાવતી વ્યક્તિઓને અથવા ઉપરની નગર રચના યોજનામાં સમાવિષ્ટ કોઈપણ બાબતથી અસર પામેલી વ્યક્તિઓને જાણ કરું છું કે તેઓએ ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૫૨માં જણાવેલી બાબતોના સંબંધમાં ગુજરાત સરકારશ્રીના રાજ્યપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાના ૨૦ દિવસની અંદર પોતાના વાંધા જરૂરી પુરાવા અને દસ્તાવેજો સાથે મારી સમક્ષ લેખિત જણાવવા ઉપરની નગર રચના યોજનાથી પ્રતિકુળ અસર થયે કોઈપણ વ્યક્તિ ગુજરાત નગર રચના શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ની કલમ-૮૨ અનુસાર નુકશાની માટે હકકદાર છે અને તેણે તેના દાવાની વિગતો આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રણ મહિનાની અંદર નીચે સહી કરનાર નગર રચના અધિકારીને જરૂરી દસ્તાવેજો અને પુરાવા સાથે જણાવવી.

સરકારશ્રીએ મંજુરી કરેલી ઉપરોક્ત મુસદ્દારૂપ નગર રચના યોજના વડોદરા નં. ૨૦ની નકલ જરૂરી તમામ દસ્તાવેજો પત્રકો, પ્લાનો, નમુનાઓ વિગેરે સંપૂર્ણ વિગતો સાથે જોવા માટે રજાના દિવસો સિવાય તમામ દિવસોએ કચેરીના સમય દરમ્યાન નગર રચના અધિકારીની કચેરીમાં ખુલ્લી રાખવામાં આવશે. અને જમીનમાં હિત ધરાવતી તમામ વ્યક્તિઓને અને ઉપરોક્ત મુસદ્દારૂપ નગર રચના યોજનાની દરખાસ્તોથી અસર પામેલ કોઈપણ વ્યક્તિ ઉપર્યુક્ત કચેરીમાં યોજના જોવાની વિનંતી કરવામાં આવે છે. તથા યોજનાની દરખાસ્તો સમજાવવા માટેની વ્યવસ્થા કરવામાં આવી છે.

એચ. પી. શુક્લ,
ટાઉન પ્લાનીંગ ઓફિસર,
ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૨૦
વડોદરા.

વડોદરા તા. ૧૨-૮-૯૩
નગર રચના અધિકારીની કચેરી,
સેવાશ્રમ પ્રવાસી ગૃહના પહેલા માળે,
રેલ્વે સ્ટેશન સામે,
વડોદરા—૩૯૦ ૦૦૫.